In the month of Bhadrapad (Bhadarvo in Gujarati) any persons who intends to do Vrijparikrama, a day prior to beginning of such Parikrama all pilgrim persons gather at Vishraamghaat and with the assistance of the priest, do Poojanvidhi (act of worship), offer Coconut and other materials and with the blessings of God, each one takes and oath of doing Vrijyatra. After this the Yatranayak (leader of this pilgrimage) takes blessings from Goswami Balak along with the pilgrims and starts (in house) parikrama. Then they pray and worship at various temples and arrive at Shitalaakund next day.

સ્વ. કમળાબેન-મણીલાલ ચંદુલાલ લાકડાવાલા (પરીખ),
બાલાસિનોર-મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

શ્રી ગિરીરાજજીનું મુખારવિંદ

SHREE GIRIRAJJI MUKHARVIND



શયન દર્શન

SHAYAN DARSHAN



અન્નકુટ દર્શન

ANNAKUT DARSHAN



ગિરીરાજજી અભિષેક દર્શન

GIRIRAJ JI ABHISHEK DARSHAN

શ્રી ગિરીરાજજીનું મુખારવિંદ

શ્રી ગિરીરાજજીના પાંચ સ્વરૂપો મનાયા છે. ગૌરભૂજંગ, ગ્વાલાસ્વરૂપ, સિંહ-સ્વરૂપ, ગૌ-સ્વરૂપ અને સ્થુલ-સ્વરૂપ જે રીતે દર્શન થાય છે. સારસ્વત કલ્પમાં, શ્રી ઠાકોરજીએ અહીં શ્રીગિરીરાજજીનું પૂજન કરી, સ્વયં પોતેજ એ પૂજનનો સ્વીકાર પણ કર્યો હતો. અને વૃજવાસીઓને પૂજાની રીત બતાવી હતી, અને આજ પર્યન્ત એજ પ્રણાલીકા ચાલુ રહેલી છે.

શ્રીગિરીરાજજી પરમભક્ત હોવાને કારણે, જમુનાજીનો એમના ચરણને સ્પર્સ ન કરાવતાં, માનસી ગંગાના જલથી ગોવર્ધન પૂજાવખતે સ્નાન કરાવાય છે.

SHRI GIRIRAJJI'S MUKHARVIND (FACE)

It is belived to be the five forms of Shri Girirajji. 1) Gaurbhujang 2) Gwal Swarup 3) Sinh Swarup 4) Gau Swarup 5) Sthul Swarup

In Saraswat age, Shri Thakorji himself worshipped Shri Girirajji and then he being a God, he himself accepted the offerings and showed the Brijwasis the procedure of worshipping which is followed today.

All the devotees of Shri Girirajji does 'Govardgan Pooja', by giving the bath with Mansi Ganga Water with the care that the holy water of the Yamunaji does not touch the feet of Govardhan.

અ.સૌ.કંચનબબેન-મનસુખલાલ લોટીયા (શાહ), મુંબઈ
ના જય શ્રીકૃષ્ણ

દંડોતિ શિલા (જતીપુરા)

વૃજમાં-ભીમ-સિંદુરી, વાજની, કાજરી, શૃંગારી, સુગંધી, માનીક, ચિત્રા, ખિસલની, સ્વામીની અને દંડોતી શિલા, આમ અગિયાર શિલાઓ છે. જાણ્યે - અજાણ્યે શ્રી ગિરિરાજજીનો કંઈપણ અપરાધ થઈ જાય, માટે અહીં આવતા-જતા, દંડવત કરાય છે. અહી શ્રી ગુસાંઈજીએ, કુંભનદાસજીના પુત્ર, કૃષ્ણદાસજીની લીલાપ્રાપ્તિના સમયે, કુંભનદાસજીને સૂતક હોવા છતાં, બીજા દિવસે દર્શન કરવાની આજ્ઞા આપી.

DANDOTI SHEELA (SLAB/STONE) - JATIPURA

There are eleven sheelas in Vrijbhumi - Bhim, Sindoori, Vajni, Kajri, Shringari, Sugandhi, Manik, Chitra, Krisalni, Swamini and Dandoti.

Knowingly or unknowingly, if any person commits any fault or mistake of Shree Girirajji, he apologies by bowing his head on the Sheela. It is said that Kumbhandasji's son passed away and was in the 'mourning period' still Shri Gusayanji ordered to go for 'Darshan'.

Lord Krishna

અ.સૌ.કંચનગૌરી-પ્રભુદાસ મોહનલાલ શેઠ, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ



શ્રીનાથજીનું શિખરબદ્ધમંદિર (જતીપુરા)

શ્રીઆચાર્યજીએ આગ્રાના હિરામણી-મીસ્ત્રીને શિખર-કળશ વગરના મંદિરનો નકશો તૈયાર કરવાની આજ્ઞા કરી. પરંતુ શ્રીનાથજીની ઈચ્છાથીજ, ત્રણે વખત નકશામાં શિખર-કળશ, ચિત્રાઈ જતા હતા. આથી શ્રીજીની ઈચ્છા માના, શ્રીઆચાર્યજીએ મંદિર સિધ્ધ કરાવી કહ્યું કે, ભવિષ્યમાં શ્રીજી બીજે પધારશે.

SHRINATHJI'S DOME TAMPLE - JATIPURA

Shri Gusayanji ordered Hiramani Mistry of Agra to design a sketch of a temple without peak (summit) and dome but because of Shrinathji's desire, all the three peaks and dome got drawn itself on the sketch/map. So Shri Acharyaji built the temple thinking it was Shriji's wish but said that in future Shriji will reside somewhere else.

અ.સૌ.કાંતાબેન-શંભુભાઈ રેવાભાઈ પટેલ, અમદાવાદ ના જય શ્રીકૃષ્ણ



સુંદરશિલા સામે શ્રીમહાપ્રભુજીની બેઠક :

શ્રી આચાર્યજીએ અહીં સવાસેર-ભાતનો અન્નકુટ, શ્રી ગિરીરાજજીને આરોગાવ્યો હતો. એક વખત શ્રીઆચાર્યજી દામોદરદાસના ખોળામાં પોઢ્યા હતાં. અને શ્રીનાથજી પધાર્યા ત્યારે એમના ઝાંઝરના અવાજથી શ્રીઆચાર્યજી જાગી ન જાય માટે, દામોદરદાસજી એ શ્રીનાથજીને હાથતી સંકેત કરી, આગળ પધારવાની ના પાડી, અને સેવક ધર્મ બજાવ્યો..

Sunder Sheela opposite to Shri Mahaprabhujini Bethak (Sitting place)

It is on this place where Shri Acharyaji fed Shri Girirajji with 1 $^1/_4$ kgs. Rice Annqkut. When Mahaprabhuji was taking rest in laps of Damodardasji. Shrinathji arrived there. At that time Shrinathji thought by his sound of his anklet, Shri Mahaprabhuji may wake up. So Damodardasji told Shrinathji not to come closer. This action shows devotion for his Guru. It is therefore known that 'Guru is greater than God.'

સ્વ.કાશીબેન-જમનાદાસ પુરૂષોત્તમદાસ માંડવીયા, મુંબઈ
ના જય શ્રીકૃષ્ણ



જાન અજાન વૃક્ષ :

રાસલીલામાં પ્રભુ એકાએક અદ્રશ્ય થઇ ગયા, ત્યારે ગોપીઓ બહાવરીબની વૃજના વૃક્ષ-વેલીઓને પ્રભુને ક્યાંય જોયાકે નહી. તે પૂછતી-પૂછતી આ બન્ને વૃક્ષો પાસે આવી ત્યારે એક વૃક્ષે કહ્યું કે શ્રીઠાકોરજીને જોયા છે અને બીજા વૃક્ષે કહ્યું છે અને બીજા વૃક્ષે કહ્યું કે એણે શ્રીઠાકોરજીને જોયા નથી તેથી આ વૃક્ષોનું નામ જાન-અજાન વૃક્ષ પડ્યું છે.

Jaan, Ajaan Tree (Known, Unknown) :

During Raas Leela when all gopies were dancing with the Lord, he suddenly disappeared. All puzzled gopies wandered here and there in search of Lord Krishna asking each tree, trees' branches whether they saw Krishna at the time they came near these two trees. One of them said it has seen the Lord and the other tree said it has not seen the Lord. So from that day the names of Jaan, Ajaan were given to these trees. This place is near 'Chandrasarover'.

અ.સૌ.કાશ્મીરા-જયેન્દ્ર ગોરધનદાસ માલવીયા, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

રાધાકૃષ્ણ કુંડ :

આ કુંડો પરસ્પર જોડાયેલા છે. એક વખત સખાઓએ શ્રીઠાકોરજીને સુંદર કહ્યા અને સખીઓએ, સ્વામીનીજીને સુંદર કહ્યા. શ્રીઠાકોરજીએ વેણુથી અને શ્રીસ્વામીનીજીએ નખથી આ કુંડો ખોધા અને બન્નેજા મુખારવિંદ આ કુંડોમાં સરખાજ લાગતા હતા. શ્રીસ્વામીનીજીની નિકુંજ અને રત્નજડીત મહેલ છે. જ્યા સદાય શ્રીઠાકોરજી યુગલ સ્વરૂપે બિરાજે છે. ભગવાને બેલરૂપે અષ્ટાસુરને માર્યો. ત્યારે ગોવાળીઓના કહેવાથી ગૌ-ગ્વાલ, વૃજભક્તો સમેત અહીં સ્નાન કરી દોષમુક્ત થયા. આમાં શ્રીઠાકોરજીની આજ્ઞાથી એકસો-આંઠ તીર્થો સમાયલા છે. અને દેવતાઓએ પણ પૂજનરૂપી આ કુંડમાં પુષ્પવૃષ્ટી કરી હતી.

અ.સૌ.કુસુમબેન-ઉપેનકુમાર શાંતિલાલ માંડવીયા, અબુધાબી
ના જય શ્રીકૃષ્ણ

Radhakrishna Kund : (Small Constructed Ponds) :

This Kunds are joined together. Once the friends of Krishna told Shri Krishna that he looks 'Sunder' (handsome) while Swaminiji's friends told him that he is beautiful. Shri Thakorji with his flute and shri Swaminiji with her nails dug these Kunds. The reflections of faces of both were looking just the same in these Kunds.

Shri Swaminiji owns a grove of trees (Nikunj) and a palace embedded with jewels on it. Where Shri Thakorji (the Lord) is always appear in the couple (dual) form : God killed Ashtasur taking the form of a buffalo. Then along with all the GAU-GWAL and Brijwasi took holy bath in these kunds to become pious and guiltless. 108 pilgrimages are accommodated in these kunds on command by Shri Thakorji. All the gods also showered flowers on this kund.

અ.સૌ.કુસુમબેન-રસીકલાલ મણીલાલ લાકડાવાલા,
બાલાસિનોર-મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

કુસુમ સરોવર :

અહીં શ્રીઠાકોરજીનું ફુલઘર મનાય છે, રાસક્રિડા વખતે રાધાસહચરીજીને લઈ, પ્રભુ અહીં પધાર્યા હતા. અહીંના પુષ્પોની વેણી ગુંથી હતી. ઉધ્ધવજી ગુમલત્તારૂપે અહીં બિરાજે છે. અહીંની રસ્યલીલા મુજબ એક વખત માધવી સખીએ નાદજીને વાયવ્ય કોણમાં સ્નાન કરાવ્યું અને નારદજીએ, સખીરૂપે ભગવાનની લીલાનો અનુભવ કરી, અગ્નિકોણમાં સ્નાન કરી ફરી નારદ સ્વરૂપ ધારણ કર્યુ. અને નારદજી અહીં વૃક્ષરૂપે બિરાજે છે.

Kusum Sarovar :

This place is said to be Shri Thakorji's 'Flowere House'. During Raasleela, the Lord had taken Shri Radhaji to this place. He made garland (veni) from these flowers. Oodhavji is said to be living here in the form of a gulmal creeper. According to the legend, one Gopi by name Madhavi was swimming, Naradji was standing in the northwest corner experienced Lord's Leela in the feminine form Naradji then bathed again in water from the southeast corner and found him original form as Narad. Still Naradji is present there in the form of a tree.

ગં.સ્વ.લીલમબેન-દ્વારકાદાસ નરોત્તમદાસ ધાબળીયા, અમદાવાદ
ના જય શ્રીકૃષ્ણ

માનસી ગંગા :

પ્રભુએ વત્સાસુર-દૈત્યને મારી, દોષનિવૃત્તી માટે મનમાંથી ગંગાજી પ્રકટકરી, એમાં સ્નાનકરી, શુધ્ધ થયા. વૃજમાં શ્રીનાથજી ૧૯૧ વર્ષ શ્રી ગિરીરાજજી ઉપર બીરાજ્યા હતા. માનસીગંગા ગોળ છે. પ્રભુની એ દિવસોની સ્મૃતીમાં, દરેક દશેરાથી દિવાળી પર્યન્ત નાથદ્વારમાં કમલચોકમાં ગોળ ઝાડમાં દિવા પ્રગટવી, વૈષ્ણવો પરિક્રમા કરે છે. વૃજમાં શ્રી ગિરીરાજજીના મુકુટના દર્શન કરી માનસી ગંગાની અંદર બીરાજતા, શ્રી ગિરીરાજજીના દર્શન ઘાટ ઉપરથી થાય છે. અહીં શ્રીહરદેવજીનું મંદિર છે.

Manasi Ganga :

The Lord killed Vatsasur giant in emancipation of from his sin, he manifested Gangaji from his inner self. Then he bathed in it and purified himself. In vrajbhumi Shreenathji resided on Shree Girirajji for 191 years. Mansi Ganga is Surrandeo circular. To commemorate those days, from Dassera to Diwali, in the 'Kamalchowk' of Nathdwara devotee Vishnavo lit the lamps in the round tree and go for Parikrama.

In vrajbhumi, one can see Shree Girirajji in Mansi Ganga from the river bank. The temple of Shri Hardevji is here.

અ.સૌ.મધુબેન-બિપીનચંદ્ર પ્રભુદાસ વાઘાણી, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ



આન્યોર :

સારસ્વત કુલ્પમાં, પ્રભુ સૌપ્રથમ અન્નકુટ આરોગ્યા ત્યારે સહસ્ત્રભુજા ધારણ કરી વૃજ ભકતોને કહ્યું કે આન ઔર અર્થાત્ ઔર લાઓ માટે આ ગામનું નામ આન્યોર પડ્યું છે.

Anyor :

In Saraswat Kalp (age) Lord Krishna, with thousand hands ate 'Annakut' for the first time. He told brijwasis 'ann our' means bring more. Since then this village is known as 'Anyor'.

સ્વ. મધુબેન-જીતેન્દ્ર ન્યાલચંદ્ર સાંગાણી, મુંબઈ ના! જય શ્રીકૃષ્ણ



શ્રીનાથજી પ્રાકટ્ય સ્થળ - આન્યોર (દર્શન) :

શ્રી આચાર્યજી સંવત ૧૫૪૯ ના વૈશાખ સુદ બીજના દિવસે અન્યોરમાં સદુપાડે પાસે દેવદમન અર્થાત્ શ્રીજીના પ્રાગટ્યનો સર્વ પ્રકાર જાણી બીજા દિવસે શ્રીનાથજીને પ્રગટ કરવા, ગિરીરાજ-ગોવર્ધન પર્વત ઉપર, પધારતા હતા. ત્યારે શ્રી આચાર્યજીના ચરણ સ્પર્શથી શ્રી ગિરીરાજ રોમાંચિત થઈ અદ્રશ્ય બની ગયા અને શ્રી આચાર્યજીના ચરણનું ચિન્હ તે શીલા ઉપર અંકિત થઈ ગયું આ શીલા હાલ જતીપુરામા શ્રી મથુરેશજીના મંદિરમા શ્રીનાથજીના સ્વરૂપે દર્શન થાય છે.

Shrinathji Manifestation place - Anyor Darshan :

On 1549, Vaishakh Sud 2nd, Shree Acharyaji was going to Sadu Pande at Anyor for manistation or revealation of Dev Daman means Shriji on Giriraj Goverdhan Mountain. At that time, by the touch of Shri Mahaprabhuji's feet, Shri Giriraj became so sentimental that he disappeared but the foot print of Shri Acharyaji was engraved on that slab (sheela). We can see this sheela today at Jatipura in Mathureshji's temple in the form of Shreenathji.

સ્વ.મધુકાંતા-જયંતિ [illegible] નલાલ શ્રીમાંકર, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

ચંદ્રસરોવર :

અહીં [illegible], શરદપૂર્ણિમાથી, ચૈત્ર સુદ પૂનમ સુધી સારસ્વત કલ્પમાં, છ માસની રાત્રી કરી, રાસલીલા ક[illegible] શ્રી આચાર્યજીએ નિજ સેવકોને અહીં રાસના દર્શન કરાવ્યા હતા. અને એક સેવકને થોભ્યા વ[illegible] પરિક્રમા શ્રીગિરીરાજજીની કરવાની આજ્ઞા કરી. શ્રી ગિરીરાજજીના પાંચ સ્વરૂપના દર્શન કરાવ્યા હ[illegible] સૂરદાસનું સમાધિસ્થાન તેજ જ કુંભનદાસની બેઠક છે

સ્વ.મણીબેન-વલ્લદાસ ધરમશી સેલારકા, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

Chandra Sarover :

Here, the Lord, in Saraswat Kalp (age) from Sharad purnima to Charitra Sud Purnima, stayed and after that the Lord did Rasleela. Shri Acharyaji Showed this Raas Leela to his own devotees. He ordered are of his devotees to go round Shri Girirajji non-stop for three times. He showed them five forms of Shri Girirajji. At present where Surdas visit is the place of contemplation, and which is also Kumbhandas's 'bethak'.

અ.સૌ.મંજુબેન-મધુકર પ્રાણલાલ સાંગાણી, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

તુલસીક્યારા :

એક વખત શ્રીઠાકોરજીની ઈચ્છા મુજબ અને સખી ચંદ્રાનના શ્રી સૂચના મુજબ શ્રીસ્વામિનીજીએ તુલસીનુ વ્રત આદર્યું અને ફળની અપેક્ષા ન રાખી. ઉદ્યાપન વખતે તુલસીજી સાક્ષાત પ્રગટ થયા. શ્રીસ્વામિનીજી, શ્રીઠાકોરજીની નિષ્કામ ભક્તિ પ્રાપ્ત કરશે, એવો આશીર્વાદ આપ્યો. આ ભાવથી જીવને તુલસીકાષ્ટની કંઠી આપી, બ્રહ્મસંબંધ વખતે તુલસીપત્ર પ્રભુને, આચાર્યજીદ્વારા અંગીકાર કરવાય છે. અહીં ગોસ્વામી બાલકોને નિત્યલીલા પ્રવેશ-બાદ, તુલસીવનમાં એમના અસ્થી ઉપર તુલસીક્યારા બાંધી દેવાય છે.

Tulsi Kyara :

Once, as it was desired by Shri Krishna and instructed by friend chandravali. Shree Swaminiji (Radhaji) began 'Tulsi Vrata' without any expectation. At the end, Tulsiji herself manifested and blessed Shri Swaminiji that she would attain Selfless devotion. With these sentiments, a person is given kanthi (Mala). Which is made from the plant of tulsi, which is given to every vaishnav at the time of acceting Brahma Sambandh. Shri Mahaprabhuji Acharyaji also offer Tulsi leaf to Lord Shree Krishna.

અ.સૌ.મંજુલાબેન-પ્રાણલાલ ભાઈચંદ ગગલાણી, મુંબઈ
ના જય શ્રીકૃષ્ણ



ગોવિંદ કુંડ :

પ્રભુનો ઇન્દ્રદ્વારા અહીં ગોવિંદાભિષેક થયો હતો. શ્રીગિરીરાજજીના પુરૂષાકારમાં ગોવિંદકુંડ અધર-સ્વરૂપ છે. અહીં વૃજભકતોની ઇચ્છાથી પ્રભુએ સાથે મળી એક કુંડાળામાં ઉભા રહીને સ્નાન કર્યું હતું. શ્રીઠાકોરજીનો ડાબો હાથશ્રીસ્વામીનીજીએ અને જમણો હાથશ્રીચંદ્રાવલીની સખીઓ સાથે કુંડમાં ઊભા હતા અને શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની સન્મુખ હતા. સ્નાન કરવા બધાએ સાથે ડુબકી મારી તે વખતે શ્રીસ્વામીનીજીનો હાથછુટી ગયો અને બધા સાથે ડુબકી ન મારી શકયા. આથી બધાના આગ્રહને વશ થઇ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામીનીજીએ ફરી સ્નાન કર્યું. આથી સર્વેને ખૂબ રસ પડ્યો અને ગોવિંદકુંડનું જળ સદાને માટે દૂધમય બની ગયું.

શ્રી આચાર્યજીએ કૃષ્ણદાસ અહીં વૈકુંઠના દર્શન કરાવ્યા હતા. અહીં શ્રી મહાપ્રભુજીની બેઠકમાં પ્રભુ બે સ્વરૂપે બિરાજે છે. શ્રી મદનમોહન સ્વરૂપે ચંદ્રસરોવર પર નિત્ય રાસ કરી, રાત્રી-કાલીન, રાસ-લીલા દ્વારા સંયોગ રસનો સુખ આપે અને દિવસ-કાલીન, ગૌચરણ લાલામાં વિપ્રયોગનું દાન કરતા વિપ્રયોગ સ્વરૂપે બિરાજે છે.

અ.સૌ.મંજુલાબેન-કાકુભાઈ (પ્રમોદરાય) હરિદાસ પારેખ, રાજકોટ
ના જય શ્રીકૃષ્ણ



Govindkund :

God Indra had done Lord Krishna's abhishek here, which is known as 'Govindabhishek'. In the manly form of Shri Girirajji 'Govindkund is like the form of lips. Here the Lord had bathed together with brijwasis standing in he same pond. His right hand was held by Shri Chandravaliji and left hand was held by Shri Swaminiji and Shri Yamunaji was standing before the Lord. Everybody dived together but Shri Swaminiji's hold on Shri Krishna's hand but it was loosened. So Shri Swaminiji and Shri Thakorji dived together. Since then the water of 'Govind Kund' has turned milky.

Here, Shri Acharyaji had shown "Vaikunth" to Shri Krishnadas. At this place, In shri Mahaprabhuji's Bethak, God exists in twin forms as Shri Madan Mohan, on Chandrasarovar at night and during the daytime it looks like Viprayog.

અ.સૌ.મીના-જયદીશ હરિદાસ માવાણી, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

સુરભિ કુંડ :

સારસ્વત કલ્પમાં પ્રભુએ ઈન્દ્ર પૂજા બંધ કરાવી અને ગોવર્ધન પૂજા શુરૂ કરાવી. વૃજવાસીઓના સાત અન્યાશ્રય દૂર કરવા સાત દિવસ ગોવર્ધન ધારણ કર્યો. વૃજવાસીઓ પ્રભુને શરણે ગયા અને અન્યાશ્રય છૂટી ગયો. ઈન્દ્રને માફ કર્યા અને ઈન્દ્રએ સ્વર્ગની સુરભિ ગાય તથા ઐરાવત હાથી પ્રભુને અર્પણ કર્યા.

એક વખત નંદરાયજી તથા વૃષભાનજી સહકુટુંબ રૂપ ચૌદસની રાત્રે શ્રીગિરીરાજની પરિક્રમા કરવા આવ્યા. શ્રી ઠાકોરજી થાકી ન જાય માટે જશોદાજી મધુમંગલને ઘરે મુકી આવ્યા. નંદરાયજીનો અપ્સરા કુંડ અને વૃષભાનજીનો મુકામ સુરભિ કુંડ હતો. વૃષભાનજીએ શ્રીસ્વામિનીજીને ઘેર મુક્યા. બન્ને કુટુંબો પરિક્રમા કરવા ગયા. રાત્રે બન્ને સ્વરૂપોને પરસ્પર વિરહ થયો અને પ્રભુએ મધુમંગલને નિંદ્રાવશ કરી સુરભિ કુંડ પધાર્યા.

શ્રી સ્વામિનીજીએ શ્રી ઠાકોરજીને અહિં ચોપાટ ખેલવાની ઈચ્છા દર્શાવી. આ ખેલમાં શ્રીસ્વામિનીજીએ નથની અને શ્રી ઠાકોરજી એમના વસ્ત્રૌ-આભુષણો હારતા ગયા. છેવટે વેણુ અને લંગોટી બાકી રહ્યા. જ્યારે શ્રીસ્વામિનીજીએ વેણુજી માગ્યા ત્યારે શ્રી ઠાકોરજીએ ના પાડી અને ચોપાટ પૂરી થઈ. ઘરે જતી વખતે શ્રીસ્વામિનીજીએ એક પણ વસ્તુ પાછી આપવાની ના કહી અને પોતાનું નીલાંબર આપ્યું જે શ્રી ઠાકોરજીએ અહોભાગ્ય માનીને ઓઢીલઈ અપ્સરા કુંડમાં નાવા લાગ્યા શ્રીસ્વામીનીજીને બહુ પસ્તાવો થયો અને તેમના વસ્ત્ર-અલંકારની પોટલી બાંધી લલિતાજી સાથે મોકલી -આપી. લલિતાજીએ શ્રીઠાકોરજીને વસ્ત્ર-આભુષણો ધારણ કરાવ્યા.

અ.સૌ.મીનળ-પરાગ ભાનુભાઈ દોશી, અમદાવાદ ના જય શ્રીકૃષ્ણ

Surbhi Kund :

In Sarsawat age the Lord stopped Indra pooja and made everyone to start Goverdhan pooja. One day Shri Nandraiji and Shri Vrishbhanji came to Shri Girirajji with their families for Parikramma on the night of roop chaudash with the intention that Shri Thakorji should not be tired, Shri Jashodaji left him at home under the Are of Madhumangal. Shri Nandrajji stayed at Apsara Kund while Shri Vrishbhanji at Surabhi kund. He had not brought Shri Swaminiji with him. At night, Shri Thakorji and Shri Swaminiji longed to see each other. Shri Thakorji made Madhumangal sleep soundly and escaped to Surabhi Kund.

Shri Swaminiji invited Thakorji to play 'Chopat' (chess) Shri Swaminiji put her nose ring and Shri Thakorji his chain. Shri Thakorji was losing the game with the things owned by him, clothes etc. Then Shri Swamiji demanded for his flute, which he refused to give. The game was over. Swaminiji refused the Lord to return the things which lost but gave Nilamber Vastra. Shree Thakorji accepted with grace and swimmed in Apsara Kund. Swaminiji became upset and return the dress and the ornaments with dasi Lalitaji which Lord accept.

અ.સૌ.મીતાબેન-મનુભાઈ ફુલચંદ શેઠ, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ



વૃંદાવન

વૃંદાવનસો બન નહીં, નંદ ગાંવ સો ગાંવ
બંસી બટસો બટ નહિ, કૃષ્ણ નાંવસો નાવ

વૃંદા એટલે તુલસી. શ્રીયમુનાજીને કિનારે આવેલું આ વન એક જમાનામાં તુલસીનું વન હતું, તેથી તેનું નામ વૃંદાવન પડ્યું/ શ્રીયુલસ્વરૂપનું આ વિહારસ્થળ છે. શ્વેતાવાસહ કલ્પમાં શ્રી કૃષ્ણે અહીં શરદપૂનમની રાતે ગોપીજનોને બોલાવી, રાસ કર્યો હતો. તેથી તે રાસસ્થળી છે. આ શહેર મંદિરોની નગરી તરીકે વિખ્યાત છે. અહીં અનેક ભગવદ્‌ભકતો કૃષ્ણભક્તિમાં તલ્લીન બની, ભગવદ્‌પારાયણ જીવન જીવે છે. અહીં ઘેર ઘેર કૂવો, તુલસીજી અને શ્રીઠાકોરજીનું મંદિર છે.

વૃંદાવનની ધૂળ પણ ધન્ય છે. કેમ કે તેના ઉપર શ્રીકૃષ્ણ ખુલ્લા ચરણારવિંદથી ગાયો ચરાવે છે. અહીંના વાતાવારણને ધન્ય છે, કારણ કે તેની હવામાં શ્રીકૃષ્ણની બંસીના સૂર સદા ગૂંજે છે! અહીં શ્રીકૃષ્ણનુ ધ્યાન ધરવાથી મન અને આત્માને ઘણી પ્રસન્નતા થાય છે. અહીંના સુખની બરોબરી કલ્પવૃક્ષ કે કામધેનુ પણ કરી શકતાં નથી!

અ.સૌ.મીતાબેન-સતીશભાઈ ગાદીયા, દુબઈ ના જય શ્રીકૃષ્ણ



Vrindavan :

Vrund means Tulsi and Van mean Jungle. On the banks of yamunaji this is one jungle of tulsi and hence it is called Vrindavan.

A unique "Yugalswarup" (Radha and Krishna in a single Body) was first seen here and lord shree krishna on a full moon (Sharad Purnima) performed Rass with Gopi's (girls of vrij). This is also known as Raas sthalas. This city is known a the city of temples. Several devotees live here under strict guidence of Shreemad Bhagvat Parayan. Nearly every home has its own well, Tulsi tree and own temple of Shree Krishna. Even the sand of Virndvan is blessed as shree Krishna baufooted has walked, performed Rass Lila and also fed his cows here. The whole environment is so beautiful and blessed that even today one can hear the tune of Shree Krishnas flute in the air. Even Kalpvruksh (wish tree) and Kamdhenu (wish cow) can't give that happiness and satisfaction which you can get simply by remembering Lord Shree Krishna whole heartedly.

સ્વ.મોતીબેન-છોટાલાલ બેચરદાસ પારેખ પરિવાર, મુંબઈ
ના જય શ્રીકૃષ્ણ

રમણરેતી :

મહાવનથી ગોકુળ તરફ આવતાં રસ્તામાં રમણરેતી આવો છે. અહીંની રેતી સુંદર, લીસી અને ચમકતી છે. શ્રીઠાકોરજી અહીં ઘૂંટણીયાં તાણતા રેતીમાં ખેલતા અને આળોટતા. તેથી અહીં આળોટવાનો મહિમા છે. પહેલાં રમણરેતી પુષ્કળ મોટા વિસ્તારમાં હતા, અત્યારે બહુ થોડા વિસ્તારમાં રહી છે. તેની આજુબાજુ કાષ્ણિપંથના સાધુઓનો આશ્રમ અને ગૌશાળા બની ગયાં છે. તે જોવાલાયક છે. અહીં રાત્રે કોઈ રહી શકતું નથી. અહીં શ્રીરમણરેતીનો ઉત્સવ મનાવાય છે. કારતક સુદ પાંચમે તેની પરિક્રમા થાય છે.

અહીંથી ગોકુળ તરફ આગળ જતાં ચાર રસ્તા આવે છે. તેને આશકરણ રાજાનો ટીલો કહેવાય છે. ત્યાં આશકરણ રાજાને શ્રીઠાકોરજીના હોળીખેલનાં દર્શન થયાં હતાં. તેની નજીકમાં અલીખાન પઠાણનું સમાધિસ્થાન અને છત્રી છે. બાજુમાં બીજી છત્રી તેમની પુત્રીની છે. ત્યાંથી થોડેક દૂર રસખાનજી અને તાજબીબીની છત્રીએ પણ છે.

Raman Reti :

Raman Reti is one such place when lord Shree Krishna have crawled and enjoyed his childhood. Ever since them it has become a custom to crawl on there sands. It was to be a very large area with smooth and Shiny white sand but now it is small. Even today it is belived that Shree Krishna come here at night and hence no-one is allowed to be around at night. There are several ashramas and coud homes which are worth visiting the surrounding of Raman Reti.

અ.સૌ.મુક્તાબેન-રમણીકલાલ મહેતા, અમદાવાદ ના જય શ્રીકૃષ્ણ

ગોકુળ

ગોકુળ :

ગો એટલે ગાયો. ગાયોનાં કુળ એટલે સમૂહમાં રહેવાનું સ્થળ તે ગોકુળ. શ્રી નંદરાયજીની ગાયોને રહેવાનું સ્થાન એટલે ગોકુળ. ગાયોના ગોવાળો પણ સાથે જ રહે. ગોવાળોનાં નિવાસસ્થાન જ્યાં હોય, તે નેસ અથવા નેહડો કહેવાય. ગામથી દૂર હોય, બીજા લોકોથી તેઓ રહેણીમાં કરણીમાં પણ જુદા હોય. આથી ગોકુળના ગોવાળો મથુરાથી દૂર હતા. રહેણીકરણી જુદી હતી. નેહનો બીજો અર્થ સ્નેહ છે. તેઓ ભગવાન શ્રીકૃષ્ણનાં સ્નેહવાળા ગોવાળો હતાં.

ગોલોકનું બધું સુખ જ્યાં સમાયું છે તે ગોકુળ. ગોલોકનાથજ્યાં નિઃસાધન ગોકુલવાસીઓના નાથબનીને બિરાજ્યા છે તે ગોકુળ. આથી આપણું ઘર અને હૃદય ગોકુળ છે. ગોકુળનું માહાત્મ્ય અને અલૌકિકતા અવર્ણનીય છે.

શ્રીગોકુળમાં શ્રીમહાપ્રભુજીની ચાર, શ્રી ગુસાંઇજીની ત્રણ, શ્રીગિરીધરજીની એક, શ્રીબાલકૃષ્ણજીની એક, શ્રીગોકુલનાથજીની એક, શ્રીરઘુનાથજીની એક, શ્રીઘનશ્યામજીની એક, શ્રીહરિરાયજીની એક અને શ્રીદામોદરદાસ હરસાનીની એક બેઠક આવેલી છે. ૨૫ થી ૨૭ જેટલાં પુષ્ટિમાર્ગીય મંદિરો પણ એક સમયે ગોકુળમાં હતાં.

Gokul :

"Go" mean cow. The land of cow is Gokul. Along with cows the shepards too live here. Shaperd's homes are called "Nehedo" these homes are usually far from the main village and hence the lifestyle and language is different. Therefore Gokul is away from Mathura.

Go-Lok also means heaven and where all the happiness of Go-Lok is there. That place is called Gokul. Go-Lok-Nath (Lord Krishna) stayed with people in Gokul without any of his luxeries and now he stay's in our heart. Therefore our heart can also be called Gokul. It is extremely difficult to describe Gokul in words as one has to be there to understand and feel the greathess and divinity.

There are 4 Beithakji of shree Mahaprabhuji, 3 of shree lusaiji and one each of shree Balkrishnashri, Shri Gokulnathji, Shree Raghunathji Shree Ghanshyamji, Shri Hariraiji and Shree Damodardas Hansani. There used to be 25-27 pushtimargiya temples also.

અ.સૌ.નલિની-ધનસુખભાઈ દામોદરદાસ દેસાઈ, મુંબઈ
ના જય શ્રીકૃષ્ણ

શ્રી ગોકુળમાં આવેલા મુખ્ય પુષ્ટિમાર્ગીય મંદિરો.

- ચતુર્થપીઠનું શ્રી ગોકુલનાથજીનું મંદિર
- શ્રી રામઠાકુરનું મંદિર
- શ્રી ગોપાલલાલજીનું મંદિર
- મોરવાળું મંદિર
- કટરાવાળું મંદિર
- શ્રી કાકાજીનું મંદિર
- શ્રી કાકાજીનું મંદિર
- જામનગરવાળા રાધામાજીનું મંદિર
- શ્રી વ્રજેશ્વરજીનું મંદિર
- શ્રી ગંગાબેટીજીનું મંદિર
- શ્રી દ્વારકાધીશજીનું મંદિર

શ્રી યમુનાજીના મુખ્ય ઘાટ

- ગોવિંદ ઘાટ
- ઠકુરાણી ઘાટ
- જશોદા ઘાટ
- ચોગાન ઘાટ
- જગન્નાથઘાટ
- મુરલીધર ઘાટ
- રમણ ઘાટ
- કોઈલા ઘાટ
- વલ્લભ ઘાટ
- ગોપાલ ઘાટ
- ઉત્તલેશ્વર ઘાટ
- અષ્ટસખી ઘાટ

અ.સૌ.નલિની-ભાનુભાઈ વ્રજલાલ વસનજી શેઠ, મુંબઈ
ના જય શ્રીકૃષ્ણ



શ્રી મહારાણીજી

અ.સૌ.નમતા-સોનલ શશીકાંત મહેતા, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

શ્રી મહારાણીજી

'ધન્ય શ્રી યમુનાજી'

"ભકત પર કરી કૃપા શ્રી યમુને જી એસી,
છાંડિ નિજધામ, વિશ્રામ ભૂતલ કિયો."

શ્રી કૃષ્ણ ઘનશ્યામ છે. તેમ શ્રીયમુનાજી પણ ઘનશ્યામ છે. શ્રી યમુનાજીના ભિન્ન-ભિન્ન નામ પરિધાન છે. કૃષ્ણ, કૃષ્ણરૂપા, કૃષ્ણસમા, કૃષ્ણરસાત્મિકા વગેરે.

અંતરંગ ભકતો માટે શ્રી યમુનાજીની ગાઢ સ્નેહ કેવો છે તે તો જૂઓ!

લીલાત્મક સર્વ ભકતોના હૃદયમાં પ્રેમ સ્વરૂપે અનંત સ્વરૂપ ધારણ કરી શ્રી યમુનાજી જ બિરાજે છે. લીલાત્મક દૈવી જીવનો પ્રભુ સાથેનો સંબંધ કરાવવાનું કાર્ય શ્રી યમુનાજીનું જ છે.

પુષ્ટીજીવોએ પણ શ્રી યમુનાજીનેજ નમન કરવાનું છે. અને આશ્રય પણ તેમનો જ લેવાનો છે. ગોપીકાઓ એ પ્રથમ કાત્યાયનીજીની પૂજા કરી તેમને પ્રસન્ન કર્યા ત્યારેજ પ્રભુએ સ્વયં પધારી તેમનાં વસ્ત્રોનું હરણ કરી તેમને સર્વાત્મભાવનો અધિકાર આપ્યો. 'શ્રી હરિરાયજી કહે છે કે' "શ્રી યમુનાજી તુમ સમ ચોર ન કોઈ" ખરેખર સાર્થક છે.

શ્રી યમુનાજી કામધેનુરૂપ હોય ભકત જેવું સુખ માગે તેવું સુખ આપવા તૈયાર છે. એનો તેમના મોહેમા જાણવો ભકત જ્યાં જ્યાં શ્રી યમુનાજીનું નામ સ્મરણ પુષ્ટીજીવોને પુષ્ટીમાર્ગમાં દૃઢતા કરાવે છે. અને શ્રીઠાકોરજીમાં પ્રેમ જગાડે છે. શ્રી યમુના સ્નાન કે યમુના પાનથી ભકતના હૃદયમાં પ્રભુ માટે પ્રેમ ન જાગે તો શ્રીયમુનાજીના સ્નાન તથા પાનનો અર્થ શો?

અ.સૌ.નંદીની-જીતેન્દ્ર નરોત્તમદાસ ધાબળીયા, અમદાબાદ
ના જય શ્રીકૃષ્ણ



શ્રી મહાપ્રભુજી

અ.સૌ.નયનાબેન-તરુણકુમાર વ્રજલાલ શાહ, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

શ્રી મહાપ્રભુજી

સ. બ્રહ્મસંબંધ એટલે શું?

જ. શ્રી મહાપ્રભુજીએ સમજાવ્યું છે કે આ જીવ સ્વભાવથી દુષ્ટ છે. તે ભૂતલ ઉપર જન્મતાં પાંચ પ્રકારના દોષો ગ્રહણ કરી લે છે. આ દોષો જીવને લાગુ પડતાં તે પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જાય છે. તે ભગવાનનો અંશ છે તે તેને યાદ નથી. તેનું મુખ્ય ધ્યેય ભગવત્ પ્રાપ્તિનું છે તેનું પણ સ્મરણ નથી. પોતે હજારો વર્ષોથી પ્રભુથી વિખૂટો પડેલો છે માટે પ્રભુને ફરીથી મેળવવાના વિરહનો તાપ-કલેશ થવો જોઈએ, તે પણ થતો નથી આવો જીવ પોતાના અને ભગવાનના સ્વરૂપને ભૂલી જવાથી અહં અને માયામાં ફસાઇ ગયો છે. તે એટલું પણ ભૂલી ગયો છે કે આ આખુ વિશ્વ અને તેનું પોતાનું સર્જન પણ પ્રભુએ જ પોતાના સત અને ચિત્ત અંશમાંથી કર્યું છે. જગતમાં જે કાંઈ બને છે તે ભગવદ્ ઈચ્છા અને ભગવદ્ શક્તિથી બને છે. જીવ પોતે સ્વતંત્ર અને શક્તિમાન નથી. જીવ પ્રભુનો દાસ બનવાને બદલે પોતે જ ભગવાન છે અને સર્વ શક્તિમાન છે એમ માનીને ચાલે છે. જીવને એટલું અભિમાન છે કે આ બધું મારું છે, આ બધાનો માલિક હું છું અને મારી શક્તિથી બધું કાર્ય થાય છે. તેણે માનેલી વસ્તુઓ તેની પાસેથી ચાલી જતાં સૌથી વધારે દુઃખી બને છે. તેનો આનંદ નષ્ટ થાય છે. પરતુ આનંદની ભ્રમણામાં તે દોડતો રહે છે. છતાં એ આનંદ ન મળવાથી અને ભગવત્ પ્રાપ્તિ ન થવાથી જન્મમરણના ફેરામાં અટવાય છે. આવા પોતાના માનેલા દૈવી જીવને પોતાને શરણે લેવા ૮૪ અક્ષરવાળો ગદ્યમંત્ર આપ્યો અને પાંચ અક્ષરવાળો બ્રહ્મસંબંધ આપ્યો, જેથી જીવનો ભગવાન સાથેનો સંબંધ પાછો સ્થાપિત થાય છે

આ બ્રહ્મસંબંધને મંત્ર ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. પહેલા ભાગમાં પ્રભુની સન્મુખ આવતાં, પ્રભુનું શરણ સ્વીકારતાં, પોતાના સાચા સ્વરૂપનું ભાન થાય છે. બીજા

અ.સૌ.જીતા-દિપક ચીમનલાલ વખારીયા, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

ભાગમાં પોતાનું કહેવાતું સર્વસ્વ જે પ્રભુનું છે તે સર્વ ઈન્દ્રિયો, અંતઃકરણ સહિત તેનો દેહ, ઘર, ધન પુત્ર આદિ સહિત કુટુંબ આલોક અને પરલોકને પ્રભુને સમર્પણ કરે છે. આમ સમર્પણ કરી ત્રીજા ભાગમાં પ્રભુનું સંપૂર્ણ શરણ સ્વીકારે છે અને હંમેશા દાસ બની રહેવાની પ્રતિજ્ઞા કરે છે. આ પ્રતિજ્ઞા કરવાથી તે માયામાંથી મુક્ત થાય છે, અને પ્રભુ સેવા કરવામાં એને પાંચે દોષો નડતા નથી.

◆ ◆ ◆ ◆ ◆ ◆

સ. બ્રહ્મસંબંધ લીધા પછી જીવ ભગવત્ સેવા ન કરે તો દોષો ફરી લાગે ખરા?

જ. શ્રી મહાપ્રભુજીએ આ વાતને લૌકિક દૃષ્ટિથી સમજાવતાં કહ્યું છે કે એક કુંવારી કન્યાનું સગપણ (વાગ્દાન) કરવામાં આવે તો તે શ્વશુરગૃહે રહી શકતી નથી અને પતિની સેવા કરી શકતી નથી પણ પિતૃગૃહે રહી પતિનું સ્મરણ કરવાનો અધિકાર રહે છે. અગ્નિની સાક્ષીએ સપ્તપદીના ફેરા ફરી, લગ્ન પછી શ્વશુરગૃહે રહી શકે છે. તેવી જ રીતે આ અષ્ટાક્ષર મંત્ર પામેલા જીવને ભગવત્ સેવા કરવાનો અધિકાર મળતો નથી પરંતુ માત્ર ભગવત્ સ્મરણ, કીર્તન અને ચિંતન કરવાનો અધિકાર મળે છે તથા જીવ પણ શ્રી વલ્લભની અને તુલસીની સાક્ષીએ બ્રહ્મસંબંધ રૂપી સપ્તપદીની પ્રતિજ્ઞા કરી પ્રભુને પોતાની જાત સોંપી દે છે તેને ભગવત્ સેવા કરવાનો અધિકાર મળે છે, અને પહેલા પાંચ દોષો બંધન થતા નથી.

◆ ◆ ◆ ◆ ◆ ◆

સ. શ્રી મહાપ્રભુજીએ કયાં વ્રતો કરવા આજ્ઞા કરી છે?

જ. શ્રી મહાપ્રભુજીએ વૈષ્ણવોને પ્રત્યેક માસની એકાદશી એટલે ૨૪ એકાદશી અને ચાર જયંતીઓ, કુલ્લે ૨૮ વ્રતો અને અધિક માસ હોય તો એ એકાદશી વધારે થાય તો કુલ્લે ૩૦ વ્રતો કરવા આજ્ઞા કરી છે.

અ.સૌ.નીતા-જીતેન્દ્ર કાંતીલાલ માધાણી, બોરીવલી-મુંબઈ
ના જય શ્રીકૃષ્ણ

સ. બેઠકજી શબ્દનો અર્થ શો છે? આપણા પુષ્ટિ માર્ગમાં બેઠક શબ્દ આ અર્થમાં વપરાતો નથી. તેનો કયો અર્થ થાય?

જ. બેઠક એટલે બેસવાની જગ્યા, રાજા, મહારાજા, પ્રધાન કે મોટા લોકો મીટિંગ કરે તે પણ બેઠક કહેવાય.

પુષ્ટિ માર્ગના સ્થાપક શ્રી મહાપ્રભુજીએ અગિયાર વર્ષની ઉંમરે ભારતની યાત્રા પગે ચાલીને ત્રણ વાર કરી. આ યાત્રા દરમ્યાન તેઓ ખુલ્લામાં જ મુકામ કરતા. તેમણે ઘણા સ્થળોએ શ્રી ભાગવતનું પારાયણ કર્યું તથા રામાયણ અને ગીતાનું પારાયણ કર્યું. શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઈજીએ જે જગ્યા ઉપર બેસી પારાયણ કર્યું એ સ્થાનો તેમની બેઠક કહેવાય છે.

◆◆◆◆◆◆◆

સ. શ્રી મહાપ્રભુજીની બેઠકો કોણે પ્રકટ કરી?

જ. શ્રી મહાપ્રભુજીના પૌત્ર શ્રી ગોકુલનાથજીએ વ્રજભાષામાં ૮૪ બેઠકનું પુસ્તક લખ્યું છે, તેનું નામ બેઠક ચરિત્ર છે. આશરે ચારસો વર્ષ પહેલાં લખાયેલું આ પુસ્તક છે.

◆◆◆◆◆◆◆

સ. બેઠકમાં કોણ સેવા કરી શકે?

જ. જેમણે બ્રહ્મસંબંધ લીધું હોય તેવા દરેક વૈષ્ણવ, બેઠકજીમાં, અપરસમાં નહાઈને શ્રી મહાપ્રભુજીની સેવા કરી શકે.

◆◆◆◆◆◆◆

સ. બેઠકમાં ઝારીજી ભરવાનો મહિમા કેમ છે?

જ. પુષ્ટિ માર્ગ માત્ર શ્રીમંતો માટે નથી. ગરીબ માણસ પણ વૈષ્ણવ થઈ શકે છે. શ્રી

અ.સૌ.નેહા-જીગર દ્વારકાદાસ ધાબળીયા, અમદાવાદ ના જય શ્રીકૃષ્ણ

મહાપ્રભુજીની નજરમાં બધા જ વૈષ્ણવો સરખા જ છે. ઝારીજી ભરવાની સેવામાં એક પૈસો પણ ખર્ચ થતો નથી. તેથી ગરીબ વૈષ્ણવ પણ ઝારીજી ભરી શકે છે. હાલ ઘણી બેઠકોમાં મુખિયાજીની જોહુકમીથી ઝારીજી ભરવાની ન્યોછાવર રૂા. ૧૧ થી રૂા. ૨૫ સુધી લેવાય છે, જે વાજબી નથી. વૈષ્ણવ ઈચ્છા અનુસાર રકમ આપે તે યોગ્ય ગણાય. પુષ્ટિ માર્ગમાં નમ્રતા, દીનતા પહેલાં જોઈએ; માટે બેઠકજીમાં ઝારીજી ભરવા વૈષ્ણવ જાય છે, સેવા કરવા જાય છે તેમ કહેવાતું નથી. આપણો શુદ્ધભાવ અર્પણ કરીએ છીએ.

◆ ◆ ◆ ◆ ◆ ◆

સ. બેઠકમાં ઝારીજી કેવી રીતે ભરવા?

જ. બેઠકમાં મુખિયાજી સૂચન આપે તે પ્રમાણે ભરવા. જો વૈષ્ણવો વધારે હોય તો લાઈનમાં ઊભા રહેવું. આપણો જમાણો હાથઆપણી આગળ ઊભેલા વૈષ્ણવના ખભે મૂકવો. આંખો મીંચી ઝારીજી ભરવાની ભાવના કરતાં યમુનાષ્ટકનો પાઠ કરવો. વૈષ્ણવો વધારે હોવાથી ઝારીજીમાં માત્ર થોડું જ જલ પધરાવવું જેથી બીજા વૈષ્ણવને પણ તેનો લાભ મળે.

◆ ◆ ◆ ◆ ◆ ◆

સ. શ્રી મહાપ્રભુજી સિવાય બીજા કોઈની બેઠક ખરી?

જ. હા, શ્રી ગુસાંઈજીની, એમના સાત લાલજી શ્રી હરિરાયજી, શ્રી નાથજી અને દામોદરદાસ હરસાનીજીની બેઠકો છે. આ બેઠકો કુલ ૫૮ છે, આમ આપણા કુલ બેઠકો ૮૪+૫૮=૧૪૨ છે.

◆ ◆ ◆ ◆ ◆ ◆

સ. શ્રી મહાપ્રભુજીની બેઠકો ૮૪ શા માટે?

જ. શ્રી મહાપ્રભુજીની બેઠકો સમગ્ર ભારતમાં ૮૪ છે. તેમ તેમના સેવકોની સંખ્યા પણ ૮૪

અ.સૌ.નિરૂબેન-મુકુંદ જેઠાલાલ ઝવેરી, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

ની છે. શ્રીમહાપ્રભુજીએ પોતાનું સ્વરૂપ પોતાના મુખ્ય ૮૪ નિર્ગુણ ભક્તોના હૃદયમાં સ્થાપન કર્યું, તેથી ૮૪ વૈષ્ણવ પૈકીના પ્રત્યેક વૈષ્ણવનું હૃદય શ્રી મહાપ્રભુજીની એક બેઠક છે. તે ભાવથી આપશ્રીની ભૂતલ ઉપર ૮૪ બૈઠકો પ્રસિદ્ધ થાય છે. આમ પ્રત્યેક બેઠક ૮૪ ભગવદીયો પૈકીના એક એક ભગવદીયનું જીવંત હૃદય છે. ભક્તિના ૮૪ પ્રકારો છે. મુખ્ય નિર્ગુણ ભક્તિ છે. આ નિર્ગુણ ભક્તિના ત્રણ સ્વરૂપે સગુણ ભક્તિ બતાવવામાં આવી છે, તેમાં સાત્વિક, રાક્ષસ અને તામસ ભક્તિનો સમાવેશ થાય છે. આ બધી ભક્તિના પ્રકારો ગણીએ તો ૮૪ પ્રકારની ભક્તિ થાય છે. આ સર્વ પ્રકારની ભક્તિ કરતા ભક્તોને શરણે લેવા માટે શ્રી મહાપ્રભુજીનું પ્રાગટ્ય અને કાર્ય છે. એનું સૂચન કરવા માટે બેઠકોની સંખ્યા ૮૪ની છે.

◆ ◆ ◆

સ. ભારતમાં કુલ બેઠકો કેટલી ને તેના સરવાળાનો સૂચક કેવી રીતે?

જ. ભારતમાં બધી બેઠકો આ પ્રમાણે છે. ૧) શ્રી મહાપ્રભુજીની ૮૪, ૨) શ્રી ગુસાંઈજીની ૨૮, ૩) શ્રી ગિરીધરજીની, ૪) શ્રી ગોકુળનાથજીની ૧૩, ૫) શ્રી બાલકૃષ્ણલાલજીની ૧, ૬) શ્રી રઘુનાથજી ની૧, ૭) શ્રી ઘનશ્યામજીની ૧, ૮) શ્રી હરિરાયજીની ૭, ૯) શ્રી દામોદરદાસ હરસાનીની ૩, આમ કુલે ૧૪૨ બેઠકો છે. તેનું સૂચક કરીએ તો ૧ એટલે શ્રીનાથજી, ૪ એટલે ચાર યુથાધિપતિ સ્વામિનીજી, જેમાં શ્રી સ્વામિનીજી, શ્રી ચંદ્રાવલિજી, શ્રી રાધાસહચરીજી અને યમુનાજી છે અને ૨ એટલે શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજી છે. આમ જેમના હૃદયમાં આ બધાં સ્વરૂપો બિરાજે છે એવું ભગવદીય હૃદય એટલે બેઠકજી.

બીજી રીતે આ અંકનો સરવાળો કરીએ તો ૭ થાય. જે મહાપ્રભુજીના ૬ ધર્મો અને સાતમું ધર્મીસ્વરૂપ. થીજી રીતે જોઈએ તો ૭ સ્વરૂપ ૭ બાળકો વગેરે.

શ્રી મહાપ્રભુજીની ૮૪ બેઠકોમાં ૩૮ ઉત્તરમાં (વ્રજ માં ૨૨), ૧૮ દક્ષિણમાં, ૪ પૂર્વમાં, ૨૦ પશ્ચિમમાં અને ત્રણ મધ્યભારતમાં છે.

અ.સૌ.પદમાબેન-પત્તુભાઈ ભાઈચંદ ગગલાણી, હૈદરાબાદ
ના જય શ્રીકૃષ્ણ

સ. બેઠકજી અને મંદિર વચ્ચેનો તફાવત શો?

જ. ૧) શ્રી ઠાકોરજીના મંદિરો જેમને સૌરાષ્ટ્રમાં હવેલીના નામે ઓળખાય છે. ૨) જુદા-જુદા બેઠક ચરિત્ર.

મંદિરોમાં વૈષ્ણવોને શ્રી ઠાકોરજીનાં શ્રી અંગની સેવા કરવાનો તથા સામગ્રી કરવાનો અધિકાર નથી. વૈષ્ણવો મંદિરોમાં બહારની તનુજા સેવા કે પોતાના દ્રવ્યનો વિનિયોગ કરાવતી વિત્તજા સેવા કરી શકે છે અને દર્શનનો આનંદ લઈ શકે છે, જ્યારે બેઠકજીમાં વૈષ્ણવોને બેઠક ચરિત્ર નાયકના શ્રી અંગની સેવા કરવાનો અને દૂધઘરની સામગ્રી કરવાનો અધિકાર છે. આમ બેઠકજીમાં વૈષ્ણવો સર્વ પ્રકારની તનુજા અને વિત્તજા સેવા પોતાના હાથે અંગીકાર કરાવી શકે છે પણ એટલું જાણવું જરૂરી છે કે આપણે ઘરના ઠાકોરજીની સેવા કરીએ છીએ અને મંદિરોમાં દર્શન કારીએ છીએ.

◆ ◆ ◆

સ. વૈષ્ણવો પરસ્પર જય શ્રી કૃષ્ણ કરે છે, તો તેના શું ભાવ છે?

જ. આપણી ભારતીય સંસ્કૃતિમાં લોકો જ્યારે એકબીજાને મળે ત્યારે સત્કાર તેમજ અભિવાદન કરવાની પ્રથા (પ્રક્રિયા) છે. દરેક મનુષ્યમાત્રનાં હૃદયમાં શ્રી ઠાકોરજી બિરાજતા હોય છે, પણ દરેક મનુષ્ય એ જાણી શકતો નથી. પણ હર કોઈ વૈષ્ણવ [illegible] પુષ્ટ્યાત્માને ખબર છે કે હૃદયમાં શ્રી પ્રભુનો વાસ છે. હવે જ્યારે આ વૈષ્ણવો એકબીજાને મળે છે ત્યારે પોતાના બન્ને હસ્ત જોડી નમન કરી એકબીજાને જય શ્રી કૃષ્ણ કહે છે. આ જય શ્રી કૃષ્ણ તે વ્યક્તિ માટે નથી પણ વૈષ્ણવના હૃદયમાં બિરાજતા શ્રી પ્રભુને નમન કરી જય શ્રી કૃષ્ણ કરે છે. આ ઉચ્ચારથી શ્રી પ્રભુસ્મરણ તેમજ આપણા મૂળભૂત સ્વરૂપનું ઉદ્બોધન થાય છે.

◆ ◆ ◆

સ. વૈષ્ણવોને ત્યાં અન્નકૂટ, ડોલ, રથ, દાન અને પવિત્રાનો ઉત્સવ જે દિવસે આવતો હોય તે જ દિવસે ન [illegible] કરી શકાયો હોય તો ક્યાં સુધી કરી શકાય?

ગં.સ્વ.પુષ્પાબેન-કાંતિલાલ શ્રીમાંકર, રાજકોટ ના જય શ્રીકૃષ્ણ

જ. સામાન્ય રીતે અન્નકુટ મહા સુદ ૪, ડોલ ફાગણ વદ ૫, રથઅષાઢી પૂર્ણિમાં દાન ભાદ્રપદ અમાસ અને પવિત્રા જન્માષ્ટમી પર્યંત સંપન્ન કરી શકાય.

* * *

સ. તુલસીની કંઠી વૈષ્ણવો ધારણ કરે તેની પાછળ શું રહસ્ય રહેલું છે?

જ. તુલસીકાષ્ટ ભગવદ્‌સંબંધી હોવાને કારણે વિષ્ણુભક્તોએ તુલસીની કંઠી અવશ્ય ધારણ કરવી. તુલસી પ્રભુને પરમ પ્રિય છે. ભગવદ્ સ્વરૂપા છે. શ્રી મહાપ્રભુજી દ્વારા અષ્ટાક્ષર મંત્રોચ્ચારપૂર્વક એ કંઠીનું એ તન્માર્ગીય વૈષ્ણવોને દાન થયેલું હોવાથી એ પ્રભુનું શરણ સિદ્ધ કરનારી કૃપાશક્તિ છે માટે તુલસીની કંઠી વિના ન રહેવું.

* * *

સ. બે કંઠી ધારણ કરવા પાછળ શો ભાવ? એક કંઠી ન ચાલે?

જ. બ્રહ્મસંબંધી વૈષ્ણવોએ સામાન્ય રીતે બે કંઠી પહેરવી જોઈએ. ઘણા એક કંઠી પહેરે છે પરંતુ બે કંઠી પહેરવાનો માર્ગીય સિદ્ધાંત છે. એક કંઠી નામમંત્ર અને બીજી કંઠી નિવેદનમંત્રના ભાવથી પહેરાય છે. સોના ચાંદીના તારમાં ગંઠેલી કંઠી અથવા બે ચાર તુલસીના દાણા કહેવા પૂરતા ગંઠાવે છે તે બિલકુલ યોગ્ય નથી. દોરામાં પરોવેલી તુલસીની કંઠી અવશ્ય પહેરવી જોઈએ. એમાં શરમ શા માટે હોવી જોઈએ?

* * *

સ. શ્રી ઠાકોરજીની આરતી વખતે ઘંટારવ સા માટે કરવામાં આવે છે?

જ. શ્રી ઠાકોરજીની આરતી વખતે આરતી વખતે ઘંટારવ કરવામાં આવે છે તેની સાથે બીજાં વાદ્યો પણ વગાડાય છે. ઘંટારવ, શંખનાદ અને વગાડવાનો વિશેષ ફાયદો એ છે કે એ વખતે ભક્તોને તેમની શ્રી ઠાકોરજી સમક્ષ એકાગ્રતામાં અથવા શાંતિમય ચિત્તમાં બહારના અમંગળ કે અશુભ વિચારોથી ભંગ ન પડે અને જો આવે તો આ મંગલકારી

અ.સૌ.પલ્લવી-રાજેશ વિનોદચંદ્ર ગાંધી, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

અવાજમાં ડૂબી જાય અને ચિત્ત શ્રી ઠાકોરજીમાં પરોવાઈ જાય છે. આ ઘંટારવથી પ્રભુની કલ્યાણકારી શક્તિઓ આપણા અંતરમાં અને આવસમાંય પ્રવેશ કરે અને આપણી અંદરબહાર રહેલી દુષ્ટ શક્તિનો નાશ થાય.

* * *

સ. તુલસીની પૂજા શા માટે થાય છે અને શ્રી ઠાકોરજીની દરેક સામગ્રીમાં તુલસી શા માટે ધરાવાય છે?

જ. ભારતમાં મોટા બંગલાઓમાં આગળના ચોગાનમાં તુલસી-ક્યારા હોય છે અને ફલેટોમાં કુંડામાં તુલસીના છોડ રાખે છે. તેની પૂજા કરી પ્રદક્ષિણા કરાય છે. પ્રભુની સેવામાં તુલસી મુખ્ય છે. ગુણોમાં જેની તોલે કોઈ ન આવે તે તુલસી. તે ખૂબજ પવિત્ર ગણાય છે. એક કથા મુજબ એક શંખચૂડ નામના યક્ષની પતિવ્રતા પત્ની હતી. કોઈ પ્રસંગોપાત તે માનવા લાગી કે ભગવાન કૃષ્ણે તેને છેતરી અને પાપમાં નાખી છે તેથી તેણે પત્થર બની જવાનો શાપ આપ્યો હતો. તુલસીની ભક્તિ અને સત્ય નિષ્ઠા જોઈને ભગવાને એવા આશિર્વાદ આપ્યા કે તે પૂજનીય છોડ બનશે અને તેને પોતાના ચરણોમાં રાખશે. તદુપરાંત પોતાને ધરાવેલી સામગ્રીમાં જો તુલસી હળ નહિ હોય તો તે ધરાવેલી વસ્તૂ સ્વીકૃત ગણાશે. તેથી પ્રભુની હર કોઈ સામગ્રી ધરાય ત્યાં તુલસી દળ હોવાં જરૂરી છે અને રાજભોગમાં શ્રીજીના ચરણોમા તુલસીજી હોવાં જરૂરી છે.

તુલસી વિષ્ણુપત્ની લક્ષ્મીનું પ્રતીક છે. એક પુરાણકથા મૂજબ, ભગવાને તેને પોતાની પત્ની બનવાનું વરદાન આપ્યુ હતું તેથી ભગવાન વિષ્ણુ સાથે તુલસી વિવાહ ધામધુમથી ઉજવાય છે.

સત્યભામાએ એકવાર પોતાની બધી જ સંપત્તિથી ભગવાનને તોળ્યા પણ જ્યાં સુધી શ્રી

અ.સૌ.પદ્માબેન-અરવિંદભાઈ ગીરધરલાલ મલકાણ, મુંબઈ
ના જય શ્રીકૃષ્ણ

રુક્મિણીજીએ ભાવપૂર્વક તુલસીનું પર્ણ ન મૂક્યૂં ત્યાં સુધી ભગવાન તોળાયા નહિ. આનો અર્થ ભાવપૂર્વક આપેલી નાની વસ્તુની કિંમત બહુમૂલ્ય સંપત્તિ કરતા પણ ભગવાનને મન વિશેષ છે.

* * *

સ. મંદિરમાં વૈષ્ણવો પ્રદક્ષિણા શા માટે કરે છે અને પ્રદક્ષિણા ડાબેથી જમાણી તરફ જ કેમ થાય છે?

ય. મંદિરમાં દર્શન કર્યા પછી આપણે મંદિરના ગર્ભાગારની પ્રદક્ષિણા કરીએ છીએ. મધ્યબિંદુ વિના વર્તુળ દોરી શકાતું નથી. ઈશ્વર આપણા જીવનનું મધ્યબિંદુ, ઉદ્‌ભવસથિાન અને સારતત્વ છીએ. પ્રદક્ષિણાનો ભાવાર્થ આ છે. વળી વર્તુળ ઉપરનું દરેક બિંદુ કેન્દ્રથી સમાન અંતરે આવેલું છે તેથી આપણે ક્યાં પણ હોઈએ તથા ઈશ્વરની સમીપે જ છીએ. કોઈપણ જાતના ભેદભાવ વિના તેની કૃપા આપણા ઉપર વહેતી જ હોય છે.

પ્રદક્ષિણા ડાબેથી જમણે જવું એટલે ટ્રાફિક જામ નથી પણ આપણે પ્રદક્ષિણા કરાએ ત્યારે હંમેશા ભગવાન આપણી જમણી બાજુએ હોય છે કારણ જમણી બાજુ પવિત્ર હોય છે. અંગ્રેજીમાં પણ તેને સાચી બાજુ કળેલી છે. જો પ્રદક્ષિણા કરવાનો માર્ગ ન હોય તો આપણા અંતરમાં વસેલા પારમાત્માને સ્વિકારીને તેમનું સ્મરણ કરી પોતાના આસપાસ પ્રાદક્ષિણા કરી આપણી બહાર જે ઠાકોરજી બિરાજે છે તેજ આપણી અંદર પણ બિરાજે છે. વૈષ્ણવોએ જે જે પાપ કર્યા હોય તે પ્રદક્ષિણર ના પગલે નાશ પામે છે.

* * *

સ. બ્રહ્મસંબંધ એટલે શું? કોઈએ નાન પણમાં બ્રહ્મસંબંધ લીધો હોય ને ગુરુદેવના નામની જાણકારી ન હોય તો ગુરુદેવ તરીકે કોને ઓળખવા અથવા બીજીવાર બ્રહ્મસંબંધ લેવાની જરૂર ખરી?

અ.સૌ.પારુલ-રાજેશ કાંતિલાલ ભુલા, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

લોખંડમાંથી તણખા ઝરે તેમ બ્રહ્મમાંથી અસંખ્ય જીવ ઉત્પન્ન થયા. હજારો વર્ષો વીત્યા બાદ આજે આપણે પણ આ જીવોના વંશ છીએ. શ્રી કૃષ્ણ સાથે આપણો સંબંધ

જ. બ્રહ્મસંબંધ એટલે બ્રહ્મ સાથેનો સંબંધ. જ્યારે સૃષ્ટિનો સર્જનહાર થયો ત્યારે જેમ હજારો વર્ષોથી છૂટો પડી ગયો છે, જેને ફરી બાંધવા માટે આપણે આપણું તન, મન, ઈન્દ્રિયો, પ્રાણ, ધન, ઘર, સર્વસ્વ શ્રી કૃષ્ણને સોંપી દઈ આપણે કહીએ કે આ બધું તારૂં છે. તને સોપુંય છું. હું ફક્ત તારો દાસ છું.

નાનપણમાં બ્રહ્મસંબંધ લીધા પછી ગુરૂદેવની જાણકારી ન હોય તો જે ગોસ્વામી બાળકમાં ગુરુદેવ તરીકેની નિષ્ઠા અને આસક્તિ હોય તેને વિનંતી કરી ગુરૂ કરવા. ફરી બ્રહ્મસંબંધ લેવાની જરૂર નથી.

* * *

પ્ર. છપ્પનભોગની શરૂઆત ક્યારથી થઈ? કોણે કરી અને અન્નકુટ અને છપ્પનભોગમાં શો ફરક છે?

જ ઈન્દ્ર રાજાને પ્રસન્ન કરવા યજ્ઞ કરવામાં આવતો. શ્રી કૃષ્ણે આ પ્રથા બંધ કરાવી પોતે અન્નકુટ આરોગ્યા. વ્રજ ભક્તોએ કહ્યું કે સામગ્રી ઓછી છે તો પ્રભુએ કહ્યું કે તમારા માટે ય શ્રી ગિરિરાજજીની નિકુંજમાં છપ્પનભોગ આરોગીશ. શ્રી ગિરિરાજજીમાં મનોરથસ્વરૂપે શ્રી ગુંસાઈજીએ સંવત્ ૧૬૧૪ માં પ્રથમ છપ્પનભોગ આરોગાવ્યો. એ રીતે દર વર્ષે માગસર સુદ પુનમનાં શ્રી નાથજીને છપ્પનભોગ આરોગાવવામાં આવે છે. સં.૧૬૧૪ માં આ મનોરથનુખ્ય પદ સખીઓએ જ કરેલો છે. ૩૨ સ્વરૂપ સખીજનોનાં અને ૨૪ પટરાણીઓને બન્યાં છે.

૧) અન્નકુટ કારતક સુદ-૧ અથવા તેના પછીના થોડા દિવસોમાં થાય છે જ્યારે છપ્પનભોગ ક્યારે પણ થાય છે.

અ.સૌ.પ્રભાબેન-કનૈયાલાલ જગનાથદાસ ગાંધી, અબુધાબી
ના જય શ્રીકૃષ્ણ

૨) અન્નકુટમાં સામગ્રીનું પ્રમાણ નાનું હોય છે અને સખડીનો ઢગ કરવામાં આવે છે જ્યારે છપ્પનભોગમાં વધારેમાં વધારે સામગ્રી હોય છે અને સખડી એક થાળમાંજ ધરાય છે.

૩) અન્નકુટમાં સિંહાસન પાસે અન્નસખડી અને પછી સખડી ધરાય છે. જ્યારે છપ્પનભોગમાં સિંહાસન પાસે એક ચાંદીના થાળમાં સખડી ધરાય. તેની બન્ને બાજુએ વિવિધ પ્રકારના સંધાના, કચરિયા, ભુંજાના તેની બાજુમાં સુકો મેવો, લીલો મેવો, મધ્યમાં દૂધઘરની સામગ્રી, ખાંડઘરની સામગ્રી ખેલવાના ધરવા અને પછી અન્નસખડી આવે. તેમાં સૌ પ્રથમ મટકીમાં શીરો, લાપસી તથા ઘીવાળી સામગ્રી પછી પદ વિવિધ સામગ્રી. છેલ્લે પદ કિલોનાં એક મેવા બે મોહનથાળ અને બુંદીનાં લાડું ધરવા.

◆ ◆ ◆

SHRI MAHAPRABHUJI

Q: What is the meaning of "BRAHMA SAMBANDH"?

A: As explained by Shri Mahaprabhuji the human nature is susceptible to bad infuences. As soon as a man is born, he automatically catches five kinds of ills which make him forget his true identity. He even forgets that he is part of God and his main object is to meet the God. He is not unhappy about the fact that he has forgotten God from last thousands of years. He is not even anxious to meet the God because he is engrossed in worldly things and thinks that he is one separate from God. He does not appreciate that every living thing is part and parcel of God. Whatever happens in this world is as per his wish since man is not capable of doing something, which is not approved by the God. But a man thinks otherwise, he thinks that he himself is God and he can do everything on this Earth. He believes that he is the owner of all properties and that it is he, who does everything. Therefore, he becomes sad when something believed to be owned by him is lost. He runs around to find happiness in worldly things and therefore after death he takes several birth and re-births. With a view to show correct path to the people, Mahaprabhuji has given a Mantra having eighty-four letters, which is in Prose form and five-letter Mantra which is known as Brahma Sambandh.

સ્વ. પ્રેમકુંવરબેન-નંદલાલ ભાણજી શ્રીમાંકર, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

Mantra of Brahma Sambandh can be classified in three parts, viz. in the first part Man realises his true identity when he meets God face to face; in the second part he gives up everything to God which he falsely believed of his own. This includes his properties, his body and soul and in third part he promises to take shelter forever at the feet of God. Thus, he becomes a liberated soul.

◆ ◆ ◆

Q: What is meant by Beithakji? In Pushti Marg word 'Beithakji' does not mean a seat then what does it mean?

A: Beithak means a place to sit. A place where Kings, his ministers and important people used to hold meetings was also called Beithak.

However so far as Pushti Marg is concerned Beithak means the place at which Mahaprabhuji sat down and read Shrimad Bhagwat, Ramayana, Geeta etc during his circular trip throughout India. At the age of eleven he had made three circular trips by foot throughout India.

◆ ◆ ◆

Q: Who brought to the notice of the people Beithakjis?

A: Shri Gokulnathji, the grandson of Mahaprabhuji has written a book which deals with eighty-four beithakjis and the said book is called "Beithak Charitra". This book is approximately four hundred years old.

◆ ◆ ◆

અ.સૌ.રંજનબેન-રમેશભાઈ ભાણજી શ્રીમાંકર, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

Q: Who can do Seva in beithakji?

A: Every Vaishnav who has taken Brahma Sambandh can after having bath do Seva of Shri Mahaprabhuji in beithakji.

* * *

Q: What is the significance of Zariji?

A: Pushti Marg is not only for rich people but for poor too. For Mahaprabhuji poor and rich are alike. It does not cost anything to perform Seva called 'Zariji'. Though at some of the holy places, devotee is charged Rs. 11/- to Rs. 25/- for performing Zariji but this practice is incorrect for the reason, it is at the devotee's discretion to pay or not to pay. Pushti Marg gives prime importance to humility and therefore word "Seva" is avoided and replaced by expression 'Zariji'.

* * *

Q: How to perform Zariji in Beithak?

A: The devotees are required to carry out instructions of Mukhiyaji (temple priest). Devotees, if they are many then required to stand in queue with right hand of his placed on the shoulder of the devotee standing in front and facing the beithakji. While waiting in queue for the turn devotee should chant Yamunashtak. If there are many devotees, then very little quantity of water should be offered by each devotee while performing Zariji so as to enable all the devotees to perform the ritual turn by turn.

* * *

અ.સૌ.રેખા-વિપીન હીરજીલાલ શેઠ, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

Q: Is there any Beithakji other than that of Mahaprabhuji?

A: Yes. There are fifty eight more Beithakjis of Shri Gusainji as well as that of Lalji, Shriharirайji, Shrinathji and Damodardas Harsaniji. Thus, we have eighty four plus fifty eight i.e. one hundred forty-two Beithakjis.

◆ ◆ ◆ ◆ ◆ ◆

Q: Why are there 84 Beithakjis of Shri Mahaprabhuji?

A: There were 84 enlightened sevaks of Mahaprabhuji, he made their hearts his abode. Every Beithkji is a symbolic representation of heart of each of the 84 enlightened sevaks. Further there are 84 types of Bhakti. Incarnation of Mahaprabhuji's and his work are for bringing devotees under one shelter of God.

◆ ◆ ◆ ◆ ◆ ◆

Q: What is the difference between Beithakji and a Temple?

A : 1) Vaishnavas call their temple as Haveli

2) Different types of Beithakji

In temples the Vaishnavs are prohibited from performing seva by themselves only Mukhiyajis can do so.

While in Beithakji Vaishnava can perform seva with their own hands.

◆ ◆ ◆ ◆ ◆ ◆

Q: What is the significance of greeting each other by saying "Jai Shree Krishna"?

અ.સૌ.રેખા-ચંદ્રકાંત કાંતિલાલ તલાટી, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

Q: What is the significance of putting Tulsi Kanthi [Mala] around the neck by Vaishnavas?

